## // વિસનગર સેવાસદન //

આ સેવાસદનની સાધારણ સભા **તા. ૧૯/૦૭/૨૦૧૮** ને **ગુરૂવાર**ના **રોજ બપોરે ૧૧–૦૦ કલાકે** પ્રમુખશ્રી ગોવિંદભાઈ જોઈતારામ પટેલના અધ્યક્ષસ્થાને નગરપાલિકાના સભાગૃહમાં મળી. સભાસદશ્રીઓને આવકાર્યા. ભારતના મા૦ વડાપ્રધાનશ્રી અટલ બિહારી બાજપાઈ તથા મા૦ સભાસદશ્રી રામાભાઈ અંબારામ પટેલનું દુઃખદ અવસાન થતાં તેઓને શ્રધ્ધાંજલી આપી. ત્યારબાદ વંદે માતરમના ગાનથી સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

**વિષય :–** મિશન ડાયરેકટરશ્રી, સ્વચ્છ ભારત મિશન, ગાંધીનગરના પત્ર ક્રમાંક સભમ/૧૦૨૦૧૮/ બાયલોઝ/SBM તા. ૨૮–૦૮–૨૦૧૮ ના પત્ર થી પબ્લીક હેલ્થ બાયલોઝનું ઘડતર અને અમલીકરણ કરવા બાબતે આવેલ પત્ર વંચાણે લઈ યોગ્ય તે નિર્ણય થવા બાબત.

**ઠરાવ નં. ૧૩૨ :–** આવેલ પત્ર વંચાણે લીધો. વિસનગર નગરપાલિકા-વિસનગર ના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ-2016 (SWM RULES-2016) ના પેટા નિયમો 2017 તરીકે માન્ય રહેશે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ-2016 ના પેટા નિયમો 2017

(1) ઘન કચરાને ખુલ્લામાં,શેરીઓમાં,જમીનપર,બગીચામાં જાહેર સ્થળો જેવા તમામ સ્થળો બાળવા પર સંપુર્ણપણે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(અ) નિયમ ભંગ કરનાર સામે વિસનગર નગરપાલિકા-વિસનગર ધ્વારા કચરો બાળનાર વ્યકિત પાસેથી પ્રથમ વખતના ગુન્હા માટે રૂ.100/- કે તેથી વધુ દંડ કરવાનું ઠરાવવામાં આવે છે. જયારે પુનરાવર્તિન ગુન્હા માટે ગુરુત્તમ દંડ રુઇ 500/- થી રૂ.5000/- સુધી વસુલ કરવામાં આવશે.

(બ) દુકાનદાર હોય તો તેનુ લાઇસન્સ રદ્દ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(ક) પાણીનું કનેકશન બંધ કરવામાં આવશે.

(ડ) વારંવાર ગુનો કરતાં માલુમ પડે તો પોલિસ ફરિયાદની કાર્યવાહી કરવામાં આવશે.

(2) રહેણાંક વાણિજય સ્થાનિક સ્વરાજય સંસ્થા તથા ઓધ્યોગીક પ્રવુતિમાંથી દૈનિક ધનકચરો પેદા કરનાર ધ્વારા કચરાનો યોગ્ય નિકાલ કરવાની જવાબદારી ધનકચરો પેદા કરનારની નક્કી કરવામાં આવે છે.

(અ) દરેક કચરો ઉત્તપન કરનાર નાગરિક/સંસ્થા/ઉધોગ/સ્થાનિક સ્વરાજય સંસ્થા જો કચરાનો ગમે ત્યાં નિકાલ કરતા માલુમ પડેતો નગરપાલિકા ધ્વારા દંડ વસુલ કરવામાં આવશે.

(બ) દુકાનદાર હોયતો તેનું લાઇસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(ક) વારંવાર ગુનો કરતાં માલુમ પડેતો પોલીસ ફરિયાદની કાર્યવાહી કરવામાં આવશે.

(ડ) શહેરનુ તંદુરસ્ત વાતાવરણ જળવાઇ રહે અને નગરજનોમાં સ્વચ્છતા પ્રત્યેની સભાનતા પ્રગટ થાય તે હેતુસર શહેરમાં વિવિધ સ્તરે જાહેરમાં ગંદકી તેમજ ન્યુસન્સ કરતા ઇસમો પાસેથી વહીવટી ચાર્જ/દંડ વસુલાત SWM RULES-2016 મુજબ સ્વચ્છતા ભંગ કરતી પ્રવુતિઓ માટે દંડની રકમ નક્કી કરવામાં આવે છે. ગંદકી કરનાર ઇસમો /એકમો વિગેરે પાસેથી વહીવટી ચાર્જ વસુલ કરવા માટે આરોગ્ય વિષયક વિવિધ મુદ્દાઓ ધ્યાને લઇ પ્રથમ દર્શીય ગુન્હા માટે લધુત્તમ

અને પુનરાવર્તિત ગુન્હા માટે ગુરુત્તમ વહીવટી ચાર્જનુ માળખુ નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

વહીવટી ચાર્જ/દંડની રકમ વસુલાતનુ પત્રક

| ગુન્હા | એક વખતના ગુન્હા માટેનો લધુત્તમ દંડ (રુપિયા માં ) | એક થી વધુ વખતના ગુન્હા માટેનો ગુરુત્તમ દંડ (રુપિયા માં ) |
|---|---|---|
| અ. રસ્તા પરની ગંદકી માટેનો દંડ | | |
| વ્યકતિગત | ૨૫/- | ૧૦૦/- |
| રહેઠાણ | ૨૫/- | ૧૦૦/- |
| **રસ્તા ,ફુટપાથ પરના ફેરિયા લારી વિગેરે** | **૧૦૦/-** | **૫૦૦/-** |
| **ઓફિસ & શોપકીપર** | **૧૦૦/-** | **૫૦૦/-** |
| **હોટલ & રેસ્ટોરન્ટ** | **૫૦૦/-** | **૨,૦૦૦/-** |
| **પબ્લિક એરિયા જેવા કે શોપિંગ મોલ મલ્ટીપ્લેક્ષ વિગેરે.** | **૫૦૦/-** | **૨,૫૦૦/-** |
| **કલીનીક & હોસ્પિટલ** | **૫૦૦/-** | **૨,૫૦૦/-** |
| **ઇન્ડસ્ટ્રીઝ** | **૧,૦૦૦/-** | **૫,૦૦૦/-** |
| **બ. પાણીના વ્યય માટેનો દંડ** | | |
| **રહેઠાણ** | **૫૦/-** | **૨૦૦/-** |
| **વ્યાવસાયિક એકમ** | **૧૦૦/-** | **૫૦૦/-** |
| **ઇન્ડસ્ટ્રીઝ** | **૫૦૦/-** | **૨,૫૦૦/-** |
| **ક.સામાન્ય દંડ** | | |
| **ખુલ્લામાં શૌચાલય, પેશાબ અને થુંકવું** | **૨૦/-** | **૫૦/-** |
| **જાનવરોનો ઉપદ્રવ** | **૧૦૦/-** | **૧,૦૦૦/-** |
| **કચરો નદી, તળાવ, ખાડીમાં નાખવો** | **૧૦૦/-** | **૧,૦૦૦/-** |
| **બાંધકામનો કાટમાળ રસ્તા પર નાખવો તથા રેતી,કપચી,ઇંટો વિગેરે બાંધકામમાં વપરાતો સામાન.** | **૧,૦૦૦/-** | **૫,૦૦૦/-** |
| ડ.રસ્તા પર હાથલારી/ કેબિન વિગેરે રાખી રસ્તા પર દબાણ કરવું. | **૧,૦૦૦/-** | **૫,૦૦૦/-** |

**(3) કચરાનો અવૈધ નિકાલ કરનારાઓ કે નિયમોની જોગવાઇઓનું પાલન કરવામાં નિષ્ફળ રહેતી વ્યક્તિઓ/સંસ્થાઓ પાસેથી દંડ વસુલ કરવાની પેટા નિયમોની જોગવાઇઓમાં સુનિશ્ચિત કરવી જેમાં સમકક્ષ અધિકારીઓને કે સ્થાનિક સંસ્થાને આ દંડ વસુલ કરવાની સત્તા સોંપવા બાબત.**

**(અ) દંડ વસુલ કરવાની સત્તા નીચે મુજબના અધિકારીઓ તથા કર્મચારીઓને આપવામાં આવે છે.**

| | | | |
|---|---|---|---|
| **1** | **ચીફ ઓફિસર** | **5** | **નગરપાલિકાના તમામ એન્જિનીયર** |
| **2** | **ચીફ સેનેટરી ઇનસ્પેક્ટર** | **6** | **ગુમાસ્તાધારા ઇનસ્પેક્ટર** |
| **3** | **સેનેટરી ઇનસ્પેક્ટર** | **7** | **ન.પા.ના વર્ગ-3 કક્ષાના તમામ કર્મચારીઓ** |
| **4** | **મુકાદમ** | | |

**(4)** **કોઇપણ પ્રકારના રહેણાંકની સોસાયટીઓ કે માર્કેટ સંકુલોના નિર્માણના નકશાઓ મંજૂર કરતાં પહેલા ખાત્રી કરવી કે તેના નિર્માતાઓ દ્વારા ધનકચરાના એકત્રીકરણ,વર્ગીકરણ અને સંગ્રહની વ્યવસ્થા માટેની જગ્યાની પુરતી જોગવાઇ રાખવામાં આવેલ છે કે કેમ? તેની ચકાસણી કરવાની અને બાંધકામ પૂર્ણ થયા બાદ જો આવી વ્યવસ્થા રાખવામાં આવેલ ન હોય તો તેની સામે પગલાં લેવાની કામગીરી નગરપાલિકા દ્વારા કરવામાં આવશે.**

**(5)** **ધનકચરા વ્યવસ્થાપનની સુવિધાઓના સંચાલકો દ્વારા દરેક કામદારોને વ્યક્તિગત સુરક્ષાના ઉપકરણો /સાધનો જેવા કે વર્દી, ફ્લોરસન્ટ જેકેટ,હાથમોજા,ઉચિત જોડા, માસ્ક ,રેઇન કોટ,સ્વેટર વિગેરે સાધનો નીચે પૂરા પાડવાનાં રહેશે.**

**(અ)** **સફાઇ કામદારો દીઠ નીચે મુજબના ઉપકરણો /સાધનો પૂરા પાડવામાં આવશે.**

| અ.નં. | સુરક્ષા ઉપકરણોનું નામ | નંગ/જોડી | સમયમર્યાદા |
|---|---|---|---|
| 1 | વર્દી | 2(બે) જોડી | દર એક વર્ષે |
| 2 | ફ્લોરસન્ટ જેકેટ | 2(બે) નંગ | દર એક વર્ષે |
| 3 | હાથ મોજા | 12(બાર) જોડી | દર એક વર્ષે |
| 4 | ઉચિત જોડા | 1(બે) જોડી | દર એક વર્ષે |
| 5 | માસ્ક | 12 નંગ | દર એક વર્ષે |
| 6 | રેઇનકોટ | 1(એક) નંગ | દર ચાર વર્ષે |
| 7 | સ્વેટર | 1(એક) નંગ | દર ચાર વર્ષે |

(6) ઉપર મુજબના પેટા નિયમો આજની મળેલ ખાસ સમગ્ર સભામાં સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે. જેના અમલીકરણ માટે દૈનિક પત્રમાં જાહેરાત પ્રકાશિત કરવી તેમજ પ્રચાર સંચાર અને શિક્ષણના માધ્યમથી અભિયાન ચલાવવુ અને કચરો પેદા કરનારાઓને જાણકારી આપવી.

(સહી) પટેલ ગોવિંદભાઇ જે.

પ્રમુખ.